# હિંમતનગર - શામળાજી હાઈવે સિક્સ લેન કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા પ્રજા માંગ...

## ગાંભોઈ ઓવરબ્રિજની કામગીરી ઠપ... ટ્રાફિક જામની સમસ્યા વધી... : ડાયવર્ઝન માર્ગો જોખમી બનતા અકસ્માતો વધ્યા...

ગાંભોઈ, તા.૨૨ હિંમતનગર થી



શામળાજી નેશનલ હાઈવેને સિક્સ લેન બનાવવાની કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી રહી હોવાથી હાઈવેની આસપાસના ગ્રામ્ય વિસ્તારની જનતાને રોજીંદી અવર જવરમાં ભારે હાલાકી સર્જાઇ છે. માર્ગ પર આડેધડ અપાયેલ જોખમી ડાયવર્ઝનના કારણે વાહનચાલકો અને રાહદારીઓ અકસ્માતોમાં ભોગ બનતા ગ્રામ્ય જનતામાં ભારે રોષની લાગણી જન્મી છે.

હિંમતનગર થી ગાંભોઈ સુધીના ૫૦ કિ.મી.ના હાઈવે સિક્સલેન લેનની કામગીરી દરમિયાન સાઈડોમાં ખોદકામ કર્યા બાદ ઓવરબ્રિજની કામગીરી એકાએક બંધ કરી દેવાતાં આસપાસના ગામોના લોકોને હાઈવે ઉપરથી વાહનો પસાર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભિલોડા, શામળાજી, હરસોલ અને હિંમતનગર સહિત ચાર મુખ્ય માર્ગો સાથે સંકળાયેલ ગ્રામ્ય પંથક એવા ગાંભોઈ, રાયગઢ, રાજેન્દ્રનગર હાઈવે બસ સ્ટેશન વિસ્તારમાં પસાર થતાં હાઈવે પર બંધાઈ રહેલ ઓવરબ્રિજના કારણે હાલ હાઈવેની બંને તરફ વન-વે કરી સાંકડા ડાઈવર્ઝન માર્ગો અપાયેલ છે. જેથી હાઈવે પર વારંવાર ટ્રાફિક જામ અને વાહન અકસ્માતોના બનાવો ચાલુ રહ્યા છે. હાઈવેની કામગીરી દરમિયાન સાઈડ ઉપર કરવામાં આવેલ મોટા ખાડાના કારણે વાહનચાલકોને ભારે હાલાકી સર્જાઇ છે. ડાયવર્ઝન માર્ગો પર નિયમિત ડામર કામ ન થવાના કારણે વાહનોની ભારે ટ્રાફિકના કારણે ધુળની ડમરીઓ ઉડવાથી હાઈવેની આસપાસના રહેણાક વિસ્તાર અને દુકાનો ધરાવતા વેપારી વર્ગને ભારે પરેશાની ભોગવી રહ્યા છે. હાઈવેના ટ્રાફિકને ધ્યાનમાં લીધા વગર અપાયેલ જોખમી ડાયવર્ઝન માર્ગના કારણે સર્જાતા અકસ્માતમાં અનેક નિર્દોષ



લોકોએ જાન ગુમાવ્યા છે. ગાંભોઈ, રાયગઢ અને રાજેન્દ્રનગર બસ સ્ટેશન વિસ્તારમાં હાઈવેની બંને બાજુ અપાયેલ ડાયવર્ઝન સર્વિસ રોડ પર હાઈવે ઓથોરિટીએ સર્વે કરેલ જમીનના માર્જીન મુજબ બાંધકામોને હટાવી ડાયવર્ઝન માર્ગોને દ્વિમાર્ગી બનાવી પહોળા કરવામાં આવે તેમજ ઓવરબ્રિજનું બાંધકામ સત્વરે ઝડપથી પૂર્ણ કરવામાં આવે એવી ગ્રામ્ય જનતામાં ઉગ્ર માંગ ઊભી થવા પામી છે.

# મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા રક્તદાન મહાયજ્ઞ યોજાયો



બાયડ,૨૨

પીડિત માનવતાની સેવામાં ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા યોજાયેલ રક્તદાન મહાયજ્ઞમાં રક્ત દાતાઓનો ઉત્સાહ સાથે સહયોગ જોવા મળ્યો. મોડાસા, ખંભીસર, ટીંટોઈ ખાતે એમ ત્રણ સ્થાન પર રક્તદાન કેમ્પ રાખવામાં આવ્યા. જેમાં કુલ ૧૦૮ યુનિટ રક્ત એકત્રિત થયું. જે વિશેષમાં થેલેસેમિયાથી પિડાતા જરૂરિયાતમંદ બાળકોને વિના મૂલ્યે આપવામાં આવશે. ગાયત્રી પરિવાર દ્વારા રકતદાતાઓમાં વિશેષ જાગૃતિ તેમજ જરૂરીયાતમંદ સુધી રક્ત માટે મદદરૂપ બની શકાય એવા ઉદ્દેશથી આ રક્તદાન મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં મોડાસા સહિત ખંભીસર, ટીંટોઈ સહિત આસપાસના ગામોના રક્તદાતાઓનો સહયોગ રહ્યો. આ આયોજનમાં નવીનભાઈ રામાણી- રામાણી બ્લડ બેંક,મોડાસાની ટીમ દ્વારા મેડિકલ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ આયોજનમાં ધર્માભાઈ પટેલ, પરેશભાઈ ભટ્ટ, પ્રજ્ઞેશભાઈ કંસારા, રુગ્વેદભાઈ ઉપાધ્યાય, કાંતિભાઈ પટેલ, ગીરીશભાઈ સોની, કામિનીબેન પટેલ, કપિલાબેન સુથાર, અમિતાબેન પ્રજાપતિ સહિત અનેક સક્રિય પરિજનોનો સહયોગ રહ્યો હતો.

મોડાસા ઉપરાંત અરવલ્લી જીલ્લાના બાયડ, ભિલોડા ખાતે પણ રક્તદાન આયોજન કરવામાં આવ્યું હતું.

# શિક્ષણમંત્રીના ઈન્સ્ટાગ્રામ પર 'ગાંધીનગર સમાચાર'...

**રાજયમાં રવિવારે શિક્ષણકાર્ય ચાલુ રહ્યાની શિક્ષણ ઇતિહાસની પ્રથમ ઘટના : અરવલ્લી ડી.ઈ.ઓ.ની કામગીરી પણ વખાણી**

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૨૨ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની પ્રજાનો અવાજ બનનાર 'ગાંધીનગર સમાચાર'માં ગત સપ્તાહે શિક્ષણ ઈતિહાસની પ્રથમ ઘટના, જિલ્લામાં રવિવારે ધોરણ ૧૦-૧૨ના વર્ગોમાં શિક્ષણકાર્યના અહેવાલ પ્રસિદ્ધ થતાં રાજયના શિક્ષણમંત્રી એ 'ગાંધીનગર સમાચાર'ના અહેવાલને પોતાના ઈન્સ્ટાગ્રામ ઉપર સ્થાન આપવાની સાથે અરવલ્લી ડી.ઈ.ઓ.ની કામગીરીને પણ વખાણી છે.

કોરોનાના કારણે વર્ષ ૨૦૨૧ના આરંભ સુધી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય સંભવ નહોતું. છેવટે ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓના ભવિષ્યનો વિચાર કરી ધોરણ ૧૦-૧૨નું શાળાનું શિક્ષણકાર્ય શરૂ થયું. જેથી અરવલ્લી ડી.ઈ.ઓ ગાયત્રીબેન પટેલ દ્વારા રવિવારે પણ શાળામાં શિક્ષણકાર્ય ચાલુ રાખી અભ્યાસક્રમ પૂરો કરવા શાળાના આચાર્ય વિષય શિક્ષકોને મોટીવેટ કરતાં આચાર્યો દ્વારા તેનો સ્વીકાર કરી છેલ્લા બે રવિવારથી શાળાઓમાં આચાર્યો - શિક્ષકો નિયમતિ આવી શિક્ષણ કાર્ય કરાવી રહ્યા છે. શિક્ષકો - આચાર્યો અને શિક્ષણ વિભાગની સરાહનીય કામગીરીનો અહેવાલ 'ગાંધીનગર સમાચાર'માં પ્રસિદ્ધ થયા હતા અને આ ઘટનાને શિક્ષણ ઈતિહાસની પ્રથમ ઘટના




હોવાનું પણ જણાવ્યું હતું. અહેવાલથી પ્રભાવિત થઈ શિક્ષણમંત્રીએ પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ ઉપર અખબારી અહેવાલને સ્થાન આપી 'ગાંધીનગર સમાચાર'ના અહેવાલને બિરદાવ્યા હતા.

# પેપોળમાં અંબાજી મંદિર ખાતે ગ્રામજનોની બેઠક યોજાઈ



વડગામ, તા. ૨૨

વડગામ તાલુકાના પેપોળ ગામમાં આવેલા અંબાજી માતા ના મંદિર ખાતે રવિવાર ના કેસરીસિંહ સોલંકી તેમજ રઘનાથભાઈ ડેલના અધ્યક્ષ સ્થાને ગ્રામજનો ની એક બેઠક યોજાઇ હતી.

જેમાં હાઈસ્કૂલ માં એક શિક્ષક રાખવા બાબતે ચર્ચા કરાઈ.દાતાઓ દ્વારા બોલાયેલા રૂપિયા જમા કરાવવા અંગે ચર્ચાઓ કરાઈ.હાઈસ્કૂલમા ધોરણ ૯ મા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને દાતા દ્વારા યુનિફોર્મ ની આપવા જાહેરાત કરાઈ હતી જે યુનિફોર્મ ખરીદવા બાબતે પણ ચર્ચા કરાઈ હતી. આ બેઠકમા એસ. એમ.સીના અધ્યક્ષ હયાતખાન અમૃતખાન તુવર, પુર્વ સરપંચ અભેરાજ ભાઈ રતુભાઈ ગોળ, હેમરાજ ભાઈ માનજીભાઈ ગોળ, ભરતસિંહ પ્રતાપજી સોલંકી, લક્ષ્મણજી રામસંગજી સોલંકી, હરીભાઈ જેઠાભાઈ પ્રજાપતિ, ભગાભાઈ પ્રજાપતિ, ચીમનભાઈ પ્રજાપતિ, રાજેશભાઈ ભીખાભાઈ જોષી, ધારાજી ઠાકોર, કરશનજી ઠાકોર,રઘાજી ઠાકોર, જેઠાભાઈ સવાભાઈ રાવત, જગદીશ કુમાર નથાભાઈ શ્રીમાળી, કિશોર કુમાર વાલજીભાઈ શ્રીમાળી, દિલીપ કુમાર જયંતિલાલ શ્રીમાળી, સહીત ગ્રામજનો હાજર રહ્યા હતા.

# ભિલોડા ખાડીયા ચોકમાં શ્રી અષ્ટવિનાયક ગણપતિદાદા મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ભિલોડા,તા.૨૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં આવેલ ખાડીયા ચોકમાં શ્રી અષ્ટવિનાયક ગણપતિદાદા મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા શુભ મંગલ મહોત્સવ શ્રધ્ધાભેર ભાવિક ભક્તોની ઉપસ્થિતીમાં ધામધુમ પુર્વક યોજાયો હતો. શ્રી ગણેશ મહોત્સવ સમિતિ,ભિલોડાના સતિષભાઈ લક્ષ્ઠા,ભરતભાઈ ત્રિવેદી, બાબુલાલ કુકડીયા, અવિનાશભાઈ ત્રિવેદી, ભીખાભાઈ ભાટીયા, મુકેશભાઈ ત્રિવેદી, ભોલાભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, ખાડીયા ચોકના વેપારીઓ, સમસ્ત ગ્રામજનો, ભાવિક ભક્તો,સેવાભાવી કાર્યકરો, દાતાઓએ શ્રી અષ્ટવિનાયક ગણપતિદાદા મંદિરના પ્રાણ





પ્રતિષ્ઠા મહોત્સવના ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.શ્રી અષ્ટવિનાયક ગણપતિદાદા મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે પુર્ણાહુતિ પ્રસંગે ગણેશજીના ભાવિક ભક્તોએ દર્શન કરીને ધન્યતા અનુભવી અને મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

# જિલ્લામાં મહારાષ્ટ્રના મુસાફરોની અવર-જવરથી કોરોનાનું જોખમ બેવડાયું

**મહારાષ્ટ્રમાં કોરોનાની બીજી લહેર : ઈન્ટર સ્ટેટ ગાઈડલાઈનના અભાવે સ્ક્રીનીંગ અધ્ધરતાલ**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૨

મહારાષ્ટ્રમાં કોરોનાનું સંક્રમણ ફરીથી તેજ ગતિથી વધવા લાગ્યું છે. કોરોનાની બીજી લહેર શરૂ થતાં ધાર્મિક-સામાજિક સંમેલનો ઉપર મનાઈ ફરમાવી કોરોના ટેસ્ટ વધારવા સૂચના આપી છે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મહારાષ્ટ્રથી અવર-જવર કરનારા મુસાફરોનું સ્ક્રીનીંગ અધ્ધરતાલ હોવાથી બંને જિલ્લામાં ફરીથી કોરોના સંક્રમણનું જોખમ બેવડાયું છે. આરોગ્ય વિભાગમાં આ અંગે કોઈ ઈન્ટર સ્ટેટ ગાઈડલાઈન હજુ સુધી આવી ન હોવાથી મહારાષ્ટ્રમાંથી વતનમાં આવતા પરિવારો ખાનગી ટ્રાવેલ્સ તેમજ સલામત સવારી ગણાતી એસ.ટી. બસમાં આરોગ્યની ચકાસણી વગર આવન-જાવન કરી રહ્યા છે જેથી વર્તમાન માહોલમાં સંક્રમિત કેસોમાં વધારો થવાની દહેશત છે.

જિલ્લામાં કોરોનાની તમામ ગાઈડલાઈનો નેવે મુકાઈ છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ તેમજ અગાઉની લગ્નાસરાની સીઝનમાંફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમ જળવાયા ન હોવાથી બંને જિલ્લામાં ફરીથી નવા સંક્રમિત કેસો બહાર આવતા કોરોના હાવી થવાની દહેશત છે. ખુદ આરોગ્યતંત્રના અધિકારીઓ દબાતા સ્વરે આગામી માર્ચ મહિનામાં કોરોના વિસ્ફોટ થવાની આશંકા વ્યક્ત કરી રહ્યા છે ત્યાં મહારાષ્ટ્રમાં કોરોનાએ ફરીથી માથું ઉંચક્યું છે. રાજયવ્યાપી બીજી લહેર શરૂ થતાં સરકારે તાબડતોબ ધાર્મિક-સામાજિક કાર્યક્રમો ઉપર રોક લગાવી ફરજીયાત માસ્ક મુદ્દે કડકાઈ શરૂ કરી છે પરંતુ મહારાષ્ટ્રમાં કોરોનાની શરૂ થયેલી બીજી લહેરના કારણે જિલ્લામાં અનેકગણું જોખમ વધ્યું છે. મહારાષ્ટ્રમાં સ્થાયી સ્થયેલા અસંખ્ય પરિવારો હાલ લગ્ન પ્રસંગ તેમજ મરણ સહિતના પ્રસંગોમાં પરિવાર સાથે પોતાના તેમજ ખાનગી ટ્રાવેલ્સના વહાનોમાં અવર-જવર કરી રહ્યા છે પરંતુ સરહદો ઉપર તંત્રની લાપરવાહી સામે આવી છે. મહારાષ્ટ્રના મુસાફરોનું યોગ્ય રીતે સ્ક્રીનીંગ થતું ન હોવાની સંક્રમિત મુસાફરો વતનમાં આવી સ્થાનિક લોકોને કોરોનાથી સંક્રમિત બનાવે તેવી સંપૂર્ણ દહેશત દેખાય છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા કોરોના ટેસ્ટ વધારવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ થઈ છે પરંતુ જિલ્લાના આરોગ્ય વિભાગને હજુ સુધી ઈન્ટરસ્ટેટ કોઈ ગાઈડલાઈન આપવામાં આવી ન હોવાથી મહારાષ્ટ્રના મુસાફરોનું સ્ક્રીનીંગ થતું ન હોવાથી કોરોનાનું જોખમ ફરીથી ન વધે તો જ નવાઈ જિલ્લામાં ખાનગી લકઝરી બસોમાં અસંખ્ય લોકો વતનમાં અવર-જવર કરી રહ્યા છે છતાં સ્થાનિક આરોગ્ય વિભાગ ગાઈડલાઈનની રાહ જોતું હોવાથી મહારાષ્ટ્રમાં શરૂ થયેલી કોરોનાની બીજી લહેરથી જિલ્લામાં સંક્રમણ ફરીથી બેકાબૂ બનવાની દહેશત છે.

# ધનસુરા ચૂંટણીને લઈ ત્રિદિવસીય તાલીમ પૂર્ણ

## ધનસુરા તાલુકાના ૬૦૦ થી વધુ તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ



ધનસુરા, તા. ૨૨

ધનસુરા નવોદય ખાતે ચૂંટણીનીને લઈને ત્રિદિવસીય તાલીમ યોજાઈ હતી ચૂંટણીને લઈને ત્રણ દિવસ ૬૦૦ થી વધુ કર્મચારીઓની તાલીમ યોજાઈ હતી જેમાં ત્રિજા દિવસ ની તાલીમ પૂર્ણ થઈ આગામી ચૂંટણી ને લઈ ને ધનસુરા તાલુકા ના કર્મચારીઓ ની તાલીમ યોજાઈ હતી જેમાં તેમને ચૂંટણી લક્ષી તાલીમ આપવામાં આવી હતી ધનસુરા તાલુકા પંચાયત ની ૧૮ સીટો અને જિલ્લા પંચાયત ની ૪ સીટો માટે ૧૧૩ મથકો પર ચૂંટણી યોજાવાની છે ત્યારે ધનસુરા મામલતદાર ચેતનસિંહ ઝાલા,ટીડીઓ પ્રતિકભાઈ પટેલ,અશ્વિનભાઈ પટેલ અને હાર્દિક પટેલ,જય જોષી (તાલુકા મદદનીશ ચૂંટણી અધિકારી),અશોકભાઈ પટેલ(માસ્ટર ટ્રેનર),કંદર્પભાઈ ની દેખરેખ માં તૈયારીઓ શરુ થઈ છે સમગ્ર ચૂંટણી સ્ટાફ ધ્વારા ચૂંટણી તૈયારીઓ શરુ છે

# સુખનું સરનામું : બાયડ તાલુકાના સાઠંબામાં ચેરીટી શો યોજાયો



બાયડ, તા. ૨૨

સુખનું સરનામું ગૃપ, સમર્પિત કરાઓકે ગૃપના સમીર સોની, ડૉ. ચેતન પંચાલ દ્વારા બાયક તાલુકાના સાઠંબા ગામે તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સોની મિત્ર મંડળ તથા ભૂપેન્દ્રભાઈના મિત્રમંડળના સહયોગથી સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમૂલ્ય સહયોગ બદલ આયોજકોએ સૌનો આભાર માન્યો હતો.

# બિનસરકારી અનુદાનિત શાળાઓના શિક્ષકો તથા કર્મચારીઓને કોવિડ-૧૯નું રસીકરણ કરવા રજૂઆત

**સાબરકાંઠા, બનાસકાંઠા જેવા જિલ્લાઓમાં શિક્ષકો સાથે બાળકો પણ સંક્રમિત થયાના કિસ્સાઓ બહાર આવ્યા**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૨

બિનસરકારી અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તથા કર્મચારીઓ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પ્રિસાઈડિંગ ઓફિસર, આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર તથા ચૂંટણીને અનુલક્ષીને સરકાર દ્વારા સોપાયેલ ચૂંટણીલક્ષી કામગીરીમાં રોકાયેલ છે. જેઓ ચૂંટણી સમયગાળા દરમિયાન ઘણા લોકોના સંપર્કમાં આવશે. વર્તમાન સમયે શાળાઓમાં વાસ્તવિક સ્વરૂપે શૈક્ષણિક કાર્ય શરૂ થયેલ છે. શૈક્ષણિક કાર્ય માટે વિદ્યાર્થીઓની ૭૦ થી ૮૦ ટકા હાજરી પણ રહે છે. ગુજરાત રાજયમાં સાબરકાંઠા,બનાસકાંઠા જેવા જિલ્લાઓમાં શિક્ષકો સાથે બાળકો પણ સંક્રમિત થયાના કિસ્સાઓ બહાર આવ્યા છે.

લોકડાઉન તથા અન્ય સમયમાં બિન સરકારી અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓએ બી.એલ.ઓ.ની કામગીરી સહિત વિવિધ સર્વેની કામગીરી, વૅક્સીનેશન ડેટા કનેક્શન કામગીરી તથા અન્ય સોંપેલ ફરજ સરકારશ્રીના આદેશ મુજબ નિષ્ઠાપૂર્વક બજાવી છે.

આ બાબતોને ધ્યાને રાખી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાત આચાર્ય સંવર્ગ અધ્યક્ષ ભાવિન ભટ્ટ, માધ્યમિક અધ્યક્ષ રમેશભાઈ ચૌધરી તથા ઉચ્ચતર માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ દ્વારા માનનીય નાયબ મુખ્યમંત્રી તથા આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલ આરોગ્ય સચિવ તથા શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાને બિન સરકારી અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના ૭૦૦૦૦ થી વધુશિક્ષકો તથા કર્મચારીઓને બીજા તબક્કાના રસીકરણ માટે સમાવવા આદેશ કરવા પત્ર લખી માંગ કરવામાં આવી.

# પ્રાંતિજ પોલીસે સુખડ ગામેથી ચાર લિટર દેશી દારૂ સાથે એક મહિલાને ઝડપી

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સુખડ ગામેથી પ્રાંતિજ પોલીસે ચાર લિટર દારૂ સાથે એક મહીલાને ઝડપી પાડી હતી અને તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ પ્રાંતિજના સુખડ ગામ બાજુ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન સુખડ ગામમાં પ્રવેશ કરતા ખાનગી રાહે બાતમી મળી હતી કે સુખડ ખાતે આવેલ ઘરની ચોપાળમાં એક મહિલા દ્વારા દેશી દારૂનું વેચાણ થતું હોવાની બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા સુખડ ગામે બાતમી મળેલ જગ્યાએ જઈને તપાસ કરતાં સુખડ ગામમાં રહેતી મહિલા ઉદાબેન રતનજી મકવાણા ઉ.વર્ષ-૪૫ રહે. સુખડ, તા.પ્રાંતિજ જી. સાબરકાંઠા પ્રાંતિજ દ્વારા પોતાના ઘર ની આગળ આવેલ ચોપાળ મા નીચે બેસીને દેશી દારૂ નું વેચાણ કરતી હોય તેણી પાસે થી પ્લાસ્ટિક ના કેનમાં વગર પાસ પરમીટ વગર દેશી દારૂ ચાર લિટર જેની કિંમત રૂપિયા-૮૦ જે વેચાણ કરવા માટે બેઠેલ હોય પોલીસ રેઈડ દરમ્યાન મળી આવતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૬૫ એ-એ મુજબ ગુનોનોધી અટકાયત કરી તેની સામે કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

**જન્મદિને વધામણી**



જયવીર વિશાલકુમાર દરજી (બાયડ)